# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

## ○ તીર્થરક્ષા અભિયાન ○

○ લેખક ○


**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# તીર્થરક્ષા અભિયાન

આપણી મુખ્ય સંપત્તિ જૈન તીર્થો (દેરાસરો) અને જિનાગમ. સ્થાવરતીર્થની રક્ષાના પ્રશ્નો દિન-પ્રતિદિન વધતા જાય છે. ત્યારે ૫૦-૧૦૦ યુવાનો એક એક તીર્થની રક્ષાના માટે તૈયાર કરવા અત્યંત જરૂરી છે. તીર્થની આજુબાજુના ગામ-શહેરના યુવાનો જો મન લગાવીને તીર્થરક્ષાના પ્રશ્નો સમજે તો ઘણા તીર્થોને આપણે સાચવી શકીશું. નહિંતર ઘણા તીર્થો ગુમાવવાનો વારો આવશે.

A pilgrimage is a sacred journey, undertaken for a spiritual, purpose. Pilgrimage is a search for meaning, purpose, values or truth.

તીર્થરક્ષા માટે પ્રથમ બે ગ્રુપ બનાવવાં. એક ગ્રુપને તીર્થની સંપૂર્ણ માહિતીથી વાકેફ કરવું જોઇએ. કોર્ટમાં કેસ ચાલતો હોય તો કેસની જરૂરી વિગતો યોગ્યને જણાવવી જોઇએ. જેને આ કોર્ટની મેટરમાં રસ હોય તેવા યોગ્ય વ્યક્તિને ભવિષ્ય માટે તૈયાર કરવા જરૂરી છે. બીજુ ગ્રુપ તીર્થની હાલ વ્યવસ્થા અંગે ગોઠવણ કરે. હાલ શું તકલીફ યાત્રાળુ-સ્ટાફાદિને પડે છે તેનો અભ્યાસ કરીને યોગ્ય સૂચનો ટ્રસ્ટીઓને જણાવવા. શક્ય ફેરફાર ટ્રસ્ટીઓની સંમતિથી કરાવી શકાય.

તીર્થમાં આવવા - જવાની - રહેવા - જમવાની - પૂજા - ભક્તિની તકલીફોને શક્ય હોય તો દૂર કરી વ્યવસ્થા ગોઠવી આપવી જોઇએ. તીર્થની આજુબાજુ જૈનોની વસ્તી રહે. સ્ટાફ પણ ઓફિસાદિનો જૈન રાખવા પ્રયત્ન કરવો જોઇએ. આવકનો લાભ તીર્થને કેવી રીતે મળે તેની સ્કીમ પણ બનાવી શકાય અને Donation અંગે મહેનત કરાય. Social Media ઉપર તીર્થના મહિમાની વાતો જણાવાય જેથી આજુબાજુના વ્યક્તિઓ

ત્યાં આવતા થાય. સંઘ-ઉપધાન આદિ પણ ત્યાં કરાવવાથી સહજ અવર-જવર વધે. ઉનાળા-દિવાળી વેકેશનની શિબિરો ગોઠવી અને ભવિષ્યની પેઢીને તીર્થ તરફ આકર્ષિત કરી શકાય. દશમ કે પૂનમ વગેરે તિથિનો મહિમા બતાવીને તીર્થમાં લોકોને લાવતા કરી શકાય અને ભવિષ્યના પણ Plan બનાવીને તીર્થનો પ્રભાવ વધારી શકાય.

તપસ્વીરત્ન આ. હેમવલ્લભસૂરિ મ. સાહેબ ગિરનાર તીર્થનો મહિમા જાળવવા તનતોડ મહેનત કરી રહ્યા છે. આજે સકલ સંઘની નજર સામે ગિરનાર તરફ સંઘના સભ્યો જઇ રહ્યા છે. પં.વિમલહંસ વિ. - પં.પરમહંસ વિ. પણ અંતરીક્ષજીનો પ્રભાવ વધારવા નીતનવા આયોજન ગોઠવી રહ્યા છે.

સમેતશિખર તીર્થની રક્ષા કરવા કલિકુંડ તીર્થોદ્ધારક પૂ. આ. રાજેન્દ્રસૂરિ મ.સા., અને તેમના શિષ્યો સરાક જાતિમાં પુષ્કળ મહેનત કરી રહ્યા છે. હવે પૂ. આ. અભયશેખરસૂરિ મ.સા.ના શિષ્ય પૂ.હેમશેખર વિ. એ જાગૃતિ લાવવાનું કાર્ય સુંદર રીતે ઉપાડ્યું છે. આમ, તીર્થરક્ષાના કાર્યોમાં હજી ઘણા તીર્થોનું કાર્ય બાકી છે. ખાસ કરીને પાલિતાણાના તીર્થ માટે પણ ઘણા મહાત્મા પ્રયત્ન કરે છે. પણ નવા નવા પ્રશ્નો ઉભા થાય છે તેથી ત્યાં બેસીને કોઇ શક્તિ સંપન્ન હોંશિયાર મહાત્મા મહેનત કરે તે ખૂબ જરૂરી છે.

તીર્થરક્ષાનો પ્રશ્ન સકળ સંઘનો પ્રશ્ન છે. આણંદજી – કલ્યાણજીની પેઢી પણ સતત વર્ષોથી આ બાબતે ચિંતિત છે.

તીર્થ બચશે તો આપણે બચશું. તેથી તીર્થરક્ષાના કાર્યમાં ખાસ બધાએ જોડાવવું જોઇએ. ખાસ કરીને આજુબાજુના તીર્થની જવાબદારી જૈન સંઘના નજીકના યુવાનોએ લેવી જરૂરી લાગે છે.